## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251



### સલામી સવારની..

*નિરાશાઓના વાદળ લઈ આવી દિવાળી,*
*ને સુરસુરીયાં બોમ્બ લઈ આવી દિવાળી,*
*હવાયેલા વિકાસને લઈ આવી દિવાળી -*
*થોરના કાંટાનો હાર લઈ આવી દિવાળી...*

હાઈકુ

જીવનપંથે
પથરાય પ્રકાશ -
શુભ દિવાળી...

સાતેય કોઠે
થાય દિવ્ય પ્રકાશ -
દિપ-ઉત્સવ...

(દિવાળી શુભેચ્છા)

### ચિંતન

**અહો કિમપિ ચિત્રાણિ ચારિત્રાણિ મહાત્મનામ્ ।**
**લક્ષ્મી તૃણાય મન્યન્ત તદ્ ભારેણ નમન્તયપિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'સજ્જન પ્રશંસા' નામના બીજા પ્રકરણનો આ શ્લોક છે :

અહો! મહાત્મા પુરુષોનાં ચરિતો કેટલાં વિચિત્ર-આશ્ચર્યજનક, તેઓ લક્ષ્મીના ભારથી નમી પડે છે. (નમ્ર બની જાય છે) અને છતાં પણ લક્ષ્મીને તૃણ સમાન, (ઘાસના તણકલાં) સમજે છે.

આજકાલ દાન-પુણ્ય પર તકતી-ફોટા અને ૮૦-સીના લાભો પર આધારિત થઈ ગયાં છે. દાન પાછળની ભાવના મૃતપ્રાય થઈ છે. દાનવીરો માન-સન્માનની અપેક્ષા રાખે, દાતાઓની સીટ-બેઠક વ્યવસ્થા-ખંડ-રુપની કાયમી વ્યવસ્થાની શરતો હોય!!

દાન નમ્ર બનીને શક્ય હોય તો 'ગુપ્ત' રીતે યાચક-દાન લેનારનું ગૌરવ સચવાય એ રીતે આપવું જોઈએ. સાચા દાતા-દાનવીરનો એ 'ધર્મ' છે.

### સુવિચાર

- જ્યારે તમે કોઈની પાસે હૃદય ખોલી દીધું હોય, તેની પાસે હોઠ બંધ કરી બેસી ન રહો - **અસીમ સંદેરી**
- હૃદયની કઠોરતા હોય તો તમે શ્રીમંત, કે પ્રધાન બની શકશો...
  પરંતુ સજ્જન કે સંત બનવાનું સદ્ભાગ્ય તો કોમળ હૃદયવાળાને જ મળે છે - **ફેસબુક**
- 'સબ્ર' એક એવી સવારી હૈ જો અપને 'સવાર' કો કભી ગીરને નહી દેતી,
  ના કિસી કે 'કદમોં' મેં ઔર ના કિસી કી 'નજરોં' મેં - **રાહત ઈંદોરી**
- ધનની ભૂખ જ્યાં સુધી તમે સંયમધર્મ ન સ્વીકારો ત્યાં સુધી શમવાનું નામ લેતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- એક અજનબીએ મજનૂને કહ્યું, 'ખુદ ખુદા તને મળવા આવશે તો...?'
  મજનૂનો હાજર જવાબ હતો, 'ખુદા ને કહેજો કે મને મળવા લૈલા બનીને જ આવે...' - **અનામી**
- શંકર બધું જ પી ન શક્યા 'શૂન્ય' એટલે,
  આવું છે વારસામાં અમારે આ ઝેર પણ - **શૂન્ય પાલનપુરી** (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

અધ્યાત્મના પંથે જનારે પહેલા પોતાનું મન કામ-ક્રોધ-લોભ-મોહ અને અહંકારથી શુદ્ધ કરવું જોઈએ. નિર્મળ-શુદ્ધ મનથી ઈશ્વર-ગુરુની પ્રસંશતા પ્રાપ્ત થાય છે.

એક દિવસ એક શેઠે ભગવાન બુદ્ધને દીક્ષા આપવાની પ્રાર્થના કરી. ભગવાન બુદ્ધ બોલ્યા, 'હું આવતી પૂર્ણિમાએ આપની પાસેથી ભિક્ષા પણ ગ્રહણ કરીશ અને ઉચિત લાગશે તો દીક્ષા પણ આપીશ.'

શેઠ પ્રસન્નતાપૂર્વક પૂર્ણિમાની રાહ જોવા લાગ્યા. પૂર્ણિમા આવતાં તેમણે અનેક વાનગીઓ બનાવરાવી. વચન અનુસાર બુદ્ધ આવ્યા તો શેઠે સોના-ચાંદીના થાળમાં તેમના માટે ભિક્ષા કાઢી પરંતુ બુદ્ધે પોતાની મેલી માટીની હાંડી આપી. શેઠે તે મેલી હાંડી ધોઈ અણગમા સાથે એમાં ભોજન પીરસ્યું.

ભગવાન બુદ્ધ તે લઈ ચાલતા થયા. શેઠે તેમને અટકાવતા કહ્યું, 'ભગવંત, તમે બોધ તો આપ્યો નહીં! ભગવાને સ્મિત સાથે કહ્યું, 'જેમ મેલી હાંડીમાં ભોજન પીરસાય નહીં તેમ મેલાં અહંકારવાળા મન-ચિત્ત-હૃદયને દીક્ષા અપાય નહિં.'

શેઠને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

## અજવાળાંનો અવસર

### તંત્રીસ્થાનેથી....

વરસ આખું પ્રવૃત્તિમય રહ્યા પછી દિવાળી આવે ત્યારે આપોઆપ ભારતીય જનચેતના એક વિસામો લઈ લેતી હોય છે. જીવન થોડા દિવસ પૂરતું થંભી જઈ નવી મંઝિલ તરફ પ્રયાણ કરવા તત્પર બની જાય છે. વરસ આખાનો થાક દિવાળીના દિવસોના ઉત્સવપૂર્ણ વાતાવરણમાં ઓગળી જાય છે. આમ તો ગુજરાતીઓ માટે જ દિવાળી એ વિક્રમ સંવતનો અંતિમ દિવસ ગણાય છે, બાકીના દેશવાસીઓનું નવું વરસ ચૈત્રી પંચાગ મુજબ ચૈત્રી 'પડવા' (પ્રતિપદા)થી શરુ થતું હોય છે. ખ્રિસ્તી પંચાગ હવે વિશ્વ સ્વીકૃત બની ગયું હોઈ ડિસેમ્બરની ૩૧મી તારીખે વરસની પૂર્ણાહૂતિ ગણાય છે. પરંતુ પરંપરા જેનું નામ. સદીઓથી આપણા વડવા જે પરંપરા સ્વીકારીને ચાલતા આવ્યા છે, તેને આપણે શ્રદ્ધાપૂર્વક વળગી રહેવામાં જ ઔચિત્ય માનતા રહીયે છીએ, અને તેમાં કશું ખોટું પણ નથી. કચ્છી નવું વરસ આષાઢી બીજના દિવસે બેસે છે, પરંતુ દિવાળીનું મહત્ત્વ તો એમના માટે પણ બાકીના ગુજરાતીઓ જેટલું જ રહ્યું છે. જેમ કામધંધાના ચોપડા ચોખ્ખા રાખવાની જહેમત ઉઠાવાય છે. એમ જીવનનો હિસાબકિતાબ પણ સ્વાભાવિક રીતે જ મંડાઈ જતો હોય છે. દિવાળી સૌને ટપારે છે - અત્યાર સુધી જાણ્યેઅજાણ્યે કોઈ ભૂલ થઈ ગઈ હોય તો હવે પછી એનું પુનરાવર્તન ન થાય એની તકેદારી રાખવાની મીઠી ટકોર કરીને એ હળવેકથી સરી જાય છે. એ દૃષ્ટિએ દિવાળીને ઉદાર ઈન્કમટેક્સ ઓફિસર સાથે સરખાવી શકાય. એનાથી આપમી કોઈ વાત છાની રાખવી જરુરી નથી. દિવાળી તો કરૂણામયી તબીબ છે - એની આગળ ઉઘાડા થવામાં આપણું જ શ્રેય છે. આખરે આપણે મનુષ્ય છીએ. ભૂલો તો થઈ જાય. પરંતુ એ ભૂલોથી ગંધાતી અળશને ઘરમાં થોડી સંઘરી રખાય? દિવાળી ઘરની, ભીતર-બહારની તમામ પ્રકારની અળશ અને આળસ ખંખેરી સ્વચ્છ તરોતાજા બનવાની તાકીદ કરનારો અવસર છે. અનુભવ માણસને ઘડે છે. અનુભવી માણસોએ ઘણી દિવાળીઓ જોઈ નાખી હોય છે. આજે દિવાળી છે. કોણ જાણે આવતી દિવાળીએ આપણે હોઈશું કે નહીં! હોઈશું તો કયાં અને કેવાં હોઈશું એની કોઈ ખાતરી ખરી? દિવાળી આવી આધ્યાત્મિક ટકોર બની આપણને રૂંવે રૂંવે, બત્રીસે કોઠે અજવાળતું પાવન પર્વ છે. ભગવાન રામચંદ્ર લંકા વિજય કરીને અયોધ્યા પાછા ફર્યા ત્યારે અધવવાસીઓએ પહેલી દીપાવલી ઊજવી હતી. આપયણા અંતરની અયોધ્યામાં દર દિવાળીએ રામ વનવાસ વેઠીને પાછા ફરતા હોય છે. આજીવિકા ખાતર દરેકને વરસ આખું વનવાસ વેઠવા જેવી સ્થિતિમાં મુકાવું પડે છે. એ સંસાર છે, વહેવાર છે. પણ દિવાળી તો લક્ષ્મીનો તહેવાર છે. સૌને દિવાળીની અજવાળાંભરી શુભકામનાઓ!



## દિવાળી પર્વે પ્રકાશના પાથરણાં પર દિલની દીપકમાલા પ્રગટાવી ખુશીના ફટાકડા ફોડીએ...

### વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ



અમે અમારી રીત પ્રમાણે રાતોને અજવાળી છે,
તમે ઘરે દિવો સળગાવ્યો, અમે જાતને બાળી છેપ
વાર તહેવારે જિદે ચડતી ઈચ્છાઓ પંપાળી છે,
મનમાં ભિતર હોળી સળગે, ચહેરા પર દિવાળી છેપ
તમને જોઈ ને પલકારાની રસમ ટાળી છે આંખોએ,
જ્યારે જ્યારે નજર મળી છે ત્યારે મેં પાંપણ ઢાળી છેપ
છાંયડે બેસી અસ્ત ઉદયની લિજ્જતના સમજાવ મને,
માથે આખો સૂરજ લઈ ને સાંજ બપોરે ગાળી છેપ
કેટકેટલી ડાળો જાતે નમી પડેલી તોયે 'ખલિલ',
જે ડાળેથી ફૂલ મેં ચૂંટ્યું, સૌથી ઉંચી ડાળી છેપ - **ખલીલ ધનતેજવી**

દિવાળી એટલે શુદ્રતા ઝાળાં ઝખરાંને ફેંકી દેવા, દિલના પડદાને ધોઈ નાખવા અને રોજિંદા સંબંધોની મીઠાઈ વહેંચવાનો દિવસ. પ્રકાશના પાથરણાં પર દિલનો દિવો કરી ખુશીના ફટાકડા ફોડીએ એટલે નવું વર્ષ. દિનકર જોશી દિવાળી વિશે એક રૂપકાત્મક પ્રસંગ કહે છે. અંધકારે એક વાર પરમાત્માને ફરિયાદ કરી : 'પ્રભુ! પ્રકાશ મને જંપવા દેતો નથી. મારી પાછળ લાગ્યો છે. હું જ્યાં જાઉં ત્યાં આવીને મને હાંકી કાઢે છે. મને કોઈક એવું સ્થળ આપો કે જ્યાં હું શાંતિથી હંમેશાં રહી શકું.'

પ્રભુએ જોયું - અંધકારની ફરિયાદમાં વજૂદ છે. રોજ રાત પડે અવની પર અંધકાર ઊતરી આવે છે અને તરત જ થોડી વારમાં પ્રકાશનો ઉદય થાય છે. પ્રકાશ પેલા અંધકારને એ સ્થિર થાય, ન થાય એ પૂર્વે તો હાંકી કાઢે છે, હજારો, લાખો, વરસોથી આમ પ્રકાશે, અંધકારને ક્યાંય સ્થિર થવા નથી દીધો.

'વત્સ ! તારી વાત સાચી છે.' પ્રભુએ કરુણાભર્યું હસીને કહ્યું : 'જા, તું પ્રકાશને મારી પાસે લઈ આવ. હું એને જરૂર કહીશ.'

પ્રભુએ પોતાની વાત સાંભળી છે - સ્વીકારી છે એ જાણીને પ્રસન્ન થયેલા અંધકારે પ્રકાશને પકડીને પ્રભુ પાસે રજૂ કરવા હર્ષભેર દોટ મૂકી. પણ આ દોટ પ્રકાશના સામ્રાજ્યના સીમાડે પગ દેતાવેંત ખુદ અંધકારનું વિલોપન થઈ ગયું. અંધકાર ઓગળી ગયો.

હારેલા-થાકેલા અંધકારે પ્રકાશને પકડવા માટે બીજી દિશામાંથી દોટ મૂકી. બીજી દિશામાંય એના તો એ જ હાલહવાલ થયા. જેવો પ્રકાશનો પ્રદેશ આરંભાય કે અંધકારનું વિગલન થઈ જાય. સ્વયં અંધકાર પ્રકાશમય બની જાય. જેવું અંધકારનું આત્મવિલોપન થાય કે તરત જ પેલી ફરિયાદ પ્રકાશ પ્રત્યેની અસૂયા અદશ્ય થઈ જાય. પ્રકાશના પ્રદેશમાં ન કોઈ ફરિયાદ, ન કોઈ અસૂયા.

પણ અંધકારની અસૂયા ઓસરી ગઈ છે એમ માનીને પ્રકાશ બીજી દિશામાં જાય કે તરત જ અંધકાર સળવળી ઊઠે. એને ફરી વાર બધું સાંભરી આવે. પ્રકાશને પરાસ્ત કરીને એને નસાડી મૂકવા એક વાર જો એને પ્રભુ સમક્ષ લઈ જવામાં આવે તોપબસ ! તો પછી અંધકારનું જ શાશ્વત રાજ્ય. પણ આ પ્રકાશને પકડવો શી રીતે ? પ્રકાશને પકડવાની અંધકારની આ દોટ હજી આજેય ચાલુ છે. પ્રકાશ પકડાતો નથી - ઊલટું પ્રકાશમાં અંધકારનું વિગલન થઈ જાય છે એટલે જ પ્રકાશ શાશ્વત છે, અંધકાર નહીં.

નાનકડા હતા ત્યારની દિવાળી દિવડાની રોશની જેવી , મીરચી બૉમ્બ જેવી તીખી અને ચકરડી જેવી ચમકતી હોય છે. યુવાન થઈએ એટલે દિવાળી મસ્તીભરી અને વાર્ધક્યે ફૂટી ગયેલા ફટાકડા જેવી બની જાય છે. હમણા એફ.એમ. રેડિયો પર સાંભળવા મળ્યું કે અમેરિકામાં ભારતીય લોકો કટકે-કટકે દિવાળી અને નવરાત્રી ઉજવી શકે છે. કારણ... ? કારણકે ત્યાં સરકારી મંજૂરી અને હૉલની વ્યવસ્થા થાય તેમ-તેમ ઉત્સવો ઉજવી શકાય છે. (અને ભારતમાં કોઈ અન્ય ધર્મ સાથે આવો ઉત્સવી ભેદભાવ થાય તો ?) ભારતના તહેવારોની ઉજવણી પાછળ વૈજ્ઞાનિક દ્રષ્ટીબિંદુ સાથે ઋતુવિષયક જ્ઞાન અને કોઈને કોઈ વાર્તા કે ઈતિહાસ રહેલો છે. ધાર્મિક તહેવારો લોકોને ભક્તિના માર્ગે દોરવાના,સામાજિક તહેવારો લોકોમાં પ્રેમભાવ, સ્નેહ, સામાજિક સેવાઓના માર્ગે દોરી જાય છે. કાકાસાહેબના શબ્દોમાં કહીએ તો " તહેવારો અને ઉત્સવો દ્વારા જ આપણે સંસ્કૃતિનાં કેટલાંક અંગો સારી રીતે જાળવી અને ખીલવી શકીયે છીએ, વિશિષ્ટ પ્રસંગો અને તેમનું મહત્વ સ્મરણમાં રાખી શકીએ છીએ,ઋતુ ફેરફારનો ખ્યાલ પણ જાણી શકીએ છીએ. તહેવારો આપણા ભેરું છે."


ઉત્સવોની પરંપરા આપણને ટકાવી રાખવી ખૂબ જ જરૂરી છે. સાથે સાથે એનું પોત પણ જળવાઈ રહે તે પણ અગત્યનું છે. શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ,સંગઠનોની આ એક વિશિષ્ટ જવાબદારી પોતાને શિરે ઉપાડી લેવી પડશે. દરેક સંસ્થાઓ કે સંગઠનોએ ધર્મના મૂળભૂત મૂલ્યોને ધ્યાનમાં રાખીને તહેવારો ની ઉજવણી કરે તે જરૂરી છે.

ભારતના ગામડામાં આજે પણ પરંપરાગતરીતે ઉત્સવ ઉજવાય છે. ઉત્સવોની સાત્વિકતાની પરંપરા અને પવિત્રતા જાળવી રાખવામાં ગામડા અગ્રેસર છે. શહેરીજનો પણ તહેવારના દિવસોમાં ગામડાને વ્હાલ કરવા પહોંચી જાય છે. તહેવારો પાછળનો મૂળ આશય, હેતુ કે કારણ વિસરાઈ ન જાય, પ્રાચીન પરંપરા અને સાંસ્કૃતિક મૂલ્યો ટકી રહે તે મહત્વનું છે. શહેરોમાં ઉત્સવો અને તહેવારોને તમાશાનું સ્વરૂપ આપી દીધું છે. વૃદ્ધો, બીમાર, વિદ્યાથીઓ, પ્રજાને અવરોધરૂપ થાય તેવી રીતે ઉત્સવો અને તહેવારોની ઉજવણી ન કરવી. ખોટા દંભો,દેખા-દેખી, ભભકો અને આડંબર પ્રજાના જીવનને છિન્નભિન્ન કરી નાખે છે.

## નાઈસ આઈટમ આરાધ્યા, બટ ઈટ ઈઝ નોટ અ ડોલ, ઈટ્સ એ કઠપુતળી, સારો કોન્સેપ્ટ છે, રોતી કઠપુતળી, તેના કેટલા બધા મીનિંગ્સ છે

### નવાં કલેવર

નટવર હેડાઉ



આ કમુ છે. રાધા માસીના ગયા બાદ બિલકુલ એકલી પડી ગયેલી. તેને કોની પાસે રાખું? તેથી અહીં જ લઈ આવ્યો.' આરાધ્યાના ડૅડીએ બ્રિફકેસ એક તરફ મુકી સોફા પર લંબાવતાં આરાધ્યાની મમ્મી સુષ્માને કહ્યું.

'તમે, બહુ સારું કર્યું. તેને આશરો મળી જશે અને આપણી આરાધ્યાને કંપની મળશે. તે આપણા રામુકાકાની સાથે રહેશે. તેની ઈચ્છા હશે તો થોડું ઘણું ભણશે.' ડૅડીએ પોતાની વાત પુરી કરી. 'ઈચ્છા વળી શું, ભણશે જ. નવા સત્રથી આરાધ્યા સ્કૂલમાં એડમીશન કરાવી દઈશું.'

બધાંની વાતો સાંભળવી ટી.વીનું રીમોટ હાથમાં ઝાલી આમતેમ જોતી આરાધ્યાએ લગભગ ચીસ નાંખી. 'નો.. નો.. નોટ એટ ઑલ, નોટ ઈન માય સ્કૂલ ઈન એની કન્ડીશન' તેના જેટલી જ ઉંમરની બિચારી નવ વર્ષની કમુ તો સસલાના બચ્ચાંની જેમ ગભરાઈને બારણા પાસેથી ખૂણામાં ઊભી ઘરનો દેખાવ ટગર ટગર જોતી હતી. તેની કાંખમાં ઢીંગલી જેવું કંઈક દબાવેલું હતું. આરાધ્યાની મમ્મીએ તેને પ્રેમથી કાંખમાં ઢીંગલી જેવું કંઈક દબાયેલું હતું. આરાધ્યની મમ્મી એ તેને પ્રેમથી સોફા પર બેસાડી. માથા પર હાથ ફેરવી ખુબ હેતથી કહ્યું, 'બેટા, હવે તારે અહીં જ રહેવાનું છે. તું મને આન્ટી કહેજે.' કમુએ આંખ ઊંચી કરી આંટીને જોયાં. અને હકારમાં માથું હલાવ્યું. કમુ ગામડાના મકાનની દેખરેખ માટે રાખેલ રાધા માસીની પૌત્રી હતી. તેના માબાપાનું એક અકસ્માતમાં મોત થયા બાદ તે જ કમુ માટે જે ગણો તે હતાં. લાંબી બિમારી બાદ તેમના મૃત્યુના સમાચાર જાણી આરાધ્યાના ડૅડી ગામડે ગયેલા. તેમનો વિધિવત દાહ-સંસ્કાર કર્યો અને ત્યાંના કામકાજ પતાવ્યા. તે પછી એકલી પડી ગયેલી અનાથ કમુને તે પોતાની સાથે લઈ આવ્યા. તેમની પત્ની સુષ્માએ તેને અપનાવી લીધી એથી કહ્યું કે ધીરે ધીરે બધું બરાબર થઈ જશે. એકાધિકાર ધરાવતી આરાધ્યાને તે કે તેની કોઈ વાત ગમી નહીં. તેની ઈર્ષા એટલી વધી ગઈ કે જયાં કમુ બેઠી હોય ત્યાં બીજી તરફ મોઢું ફેરવી તે બેસવી. તે પોતાની બુક્સ, કોમ્પ્યુટર અને રમકડાંમાં મશગૂલ રહેતી. કમુ તો બિચારી આખો દિવસ ચુપચાપ તેની વાતો સાંભળતી અને તેમાંથી કંઈક શીખવાની કોશિશ કરતી અને રાતે ઘરનું કામકાજ કરતા સમુકાકાના ઓરડામાં સુઈ જતી. તેને અંદરથી ઈચ્છા થતી કે આરાધ્યા તેની સાથે વાતો કરે અને રમે.

એક દિવસ સ્કૂલવાનમાં આવતાં જ આરાધ્યા ખીંજાઈને બુમો પાડતી તેની મમ્મીને કહેવા લાગી. 'મેં તેમને પંદર દિવસ પહેલા કહેલું કે મને હેન્ડીક્રાફ્ટની કોઈ આઈટમ બનાવડાવી આપો. નેશનલ લેવલની કોમ્પીટીશન છે. હવે કાલે લાસ્ટ ડૅટ છે.' 'બેટા, કંઈ વાંધો નહીં, આવતા વર્ષે પાર્ટીશીપેટ કરજે.'સુષ્માને સમજાવ્યું. પણ પગ પછાડતી એ પોતાના રૂમમાં ચાલી ગઈ. "આન્ટી, આ હેન્ડીક્રાફ્ટ એટલે શું?" પાસે બેઠેલી કમુએ ખુબ જ ભોળપણથી પુછ્યું. 'બેટા, જે ચીજો મશીનનો ઉપયોગ કર્યા વિના હાથે બનાવવામાં આવે છે તેને હેન્ડીક્રાફ્ટ કહેવાય જેમ કે... સુષ્માએ ઉદાહરણ આપવા આજુબાજુ નજર દોડાવી.' જેમ કે તારી આ ઢીંગલી. તેં બનાવેલી છે ને? ખુબ સુંદર છે.'

'ના, આન્ટી, આ ઢીંગલી નથી કઠપુતળી છે. મારીમાં જીવતી હતી ત્યારે તેણે મારી પાસે બનાવડાવેલી. આનું નામ મન્નુ છે. બીજી પણ એકછે તેનું નામ બન્નુ છે.' પોતાની એક માત્ર સંપત્તિ બાબતે વાત કરતાં કમુના અવાજમાં માંની યાદ આવતાં આદ્રતા આવી ગઈ. 'હું... માં એ બનાવડાવેલી તેથી તું કાયમ તેને તારી સાથે રાખે છે ખરું ને !' સુતી વખતે પણ સાથે જ રાખે છે નહીં.'

'હાં, આન્ટી તેથી જ.' કહેતાં તેની આંખમાં આંસુ આવી ગયા.

'મને લાગે છે કે રોતલ હું છું બીજી હંસતી કઠપુતળી છે. જે હું ન જ હોઉં ને!' સુષ્માએ તેના હાથમાં રહેલી કઠપુતળીને ધ્યાનથી જોઈ.ખરેખર આંસુના ટીંપા આકારનાં ત્રણ મોતી તેની બંને આંખોની નીચે ક્રમમાં ટાંકેલાં હતા. મોટું, નાનું પછી તેનાથી નાનું. આ નાની બાળકીએ પોતાની કેવી કલ્પના આ કઠપુતળીમાં ઉતારી છે. સુષ્માનું હૈયું ભરાઈ આવ્યું. તેણે તેને બાથમાં લઈ લીધી. તેને એમ થયું કે વિષય બદલવો જોઈએ. 'બેટા, એવું નહીં કહેવાનું. કમુ તો હસતી જ સારી લાગે છે. ચાલ, હવે જમી લે.' આરાધ્યા કપડાં બદલીને કોણ જાણે કયારથી આવી ને પાછળ ઊભી હતી. તેમને તો ખરેખર જ નહોતી પડી.

'શીટ...' આરાધ્યા મોં બગાડી એક શબ્દ બોલી જેને તેની માં અને કમુ બંને એ સાંભળેલ. બીજે દિવસે બધાં જયારે ઉત્સાહથી પોતપોતાની હેન્ડીક્રાફ્ટની આઈટમો મૅડમને બતાવતાં હતા ત્યારે આરાધ્યા ચૂપ બેઠી હતી. અચાનક તેની સહાધ્યાયી બાજુમાં બેસેલ છોકરીએ તેની બૅગમાંથી કંઈક કાઢીને જોરથી બુમ પાડી. 'માય ગૉડ કેવી સુંદર ડૉલ છે. મૅડમ પ્લીઝ ડિપોઝીટ આરાધ્યાંસ આઈટમ.' આરાધ્યા કંઈ જૂએ, સમજે તે પહેલાં તેણે એ ડૉલ કાઢીને મૅડમ પાસે પહોંચાડી દીધી. 'નાઈસ આઈટમ આરાધ્યા, બટ ઈટ ઈઝ નોટ અ ડૉલ, ઈટ્સ એ કઠપુતળી. સારો કોન્સેપ્ટ છે. રોતી કઠપુતળી. તેના કેટલા બધા મીનિંગ્સ છે. જેમ કે કઠપુતળી પોતાની અથવા તો સમાજમાં છોકરીઓની દુર્દશા પર રડી રહી છે. ગુડ જોબ આરાધ્યા.'

આરાધ્યા તે દિવસે અચકાતી શરમાતી ઘેર આવી. તેની નજર આજ કમુને શોધતી હતી. કમુ ત્યાં જ હતી. પણ તેના હાથ ખાલી હતી. આજે આરાધ્યાએ તેને જોઈને મોઢું ફેરવ્યું નહીં. એ વાત મમ્મીની અનુભવી નજરમાં છુપી રહી શકી ન હતી. પણ તેનું કારણ તેમને ખબર નહોતી.

મહિના-દોઢ મહિનાથી આરાધ્યાનું કમુ પ્રત્યેનું વર્તન કંઈક નરમ લાગતું હતું. બોલાતી નહોતી. પણ એવું કંઈ કરતી નથી જેનાથી કમુને ખોટું લાગે. બરફ હજુ પુરો પીગળ્યો ન હતો.

'મમ્મી... મમ્મી જલ્દી આવ જો.' એક દિવસ સ્કૂલવાનમાંથી દોડતી ભાગતી આરાધ્યાનો અતિ ઉત્સાહ તેના અવાજનો રણકો અને ચહેરા પરથી ખુશી છલકી રહી હતી. મમ્મીને મોટો ઈનામનો કપ અને સર્ટીફીકેટ પકડાવી જરા શ્વાસ લેવા અટકી. 'વેરી ગુડ... વેરી ગુડ... પણ આ શાને માટે મળ્યું એ તો કહે?' 'હું હેન્ડીક્રાફ્ટ આઈટમની નેશનલ કોમ્પીટીશનમાં ફર્સ્ટ આવી છું.'

'હેન્ડીક્રાફ્ટ નેશનલ કોમ્પીટીશનમાં? પણ કઈ રીતે? તેં તો કંઈ બનાવેલું જ નહીં.' 'હું, મમ્મી પણ કદાચ કમુએ તે દિવસે મારી બૅગમાં પોતાની કઠપુતળી મુકી દીધેલી.' મમ્મીએ પ્રશ્નવાચક નજરે કમુ સામે જોયું. તે ચુપચાપ તેમની વાતો સાંભળતી હતી. 'કમુ તેં મુકેલી કે આણે ચોરેલી...'

'ના... ના... આન્ટી એને તો ખબર જ નહોતી. મેં દીદીની બૅગમાં છાનીમાની મુકી દીધેલી. તમે કહેલું ને કે એ હેન્ડીક્રાફ્ટ આઈટમ છે તેથી મેં વિચાર્યું કે દીદીને કામ લાગી જાય તો સારું, મને પણ ગમે.' 'પણ બેટા, એ તો તને બહુ ગમતી હતી ખરું ને!' 'આન્ટી એમાં શું, મારી પાસે હજુ બીજી એક છે.' હવે આરાધ્યાથી રહેવાયું નહીં. તે એકદમ કમુને ભેટી પડી. 'તુ મારા માટે કેવું સારું વિચારે છે અને હું... હું ખરાબ છું. સૉરી કમુ, મને માફ કરી દે. આ ઈનામ તો તારું જ છે. 'કોઈ ખરાબ નથી. તમે બંને સારા છો. કયાં સુધી આમ જ રહેશો. આમ આવો કરી સુષ્માએ બંને હાથ લાંબા કર્યા. આરાધ્યા અને કમુ બંને તેમને વળગી પડી.'

રાતે ડૅડીને મળી બધાં એ અનોખી જીતની ખુશી મનાવી. આરાધ્યા અને કમુ હવે સાથે સાથે સ્કૂલે જાય છે. એક જ ઓરડામાં રહે છે. તેમના બંને વચ્ચેની લાગણી જોઈને મમ્મી-પપ્પા એ કાયદેસર રીતે તેને દત્તક લેવાનો નિર્ણય હવે લઈ લીધો. કમુ હવે બિચારી નથી રહી. તેની માસુમીયતે આરાધ્યાની ઈર્ષા પણ જીત મેળવી લીધી છે. બંને હવે ખુશ છે. દિવાળીમાં દિપમાળાથી બંને મળી ઘરને સજાવે છે અને સાથે મળી ફટાકડા ફોડતા ફોડતાં મીઠાઈથી એકબીજાનું મોં મીઠું કરાવે છે.

- vanvihari@gmail.com

## પૈસા કે પેશન...?? પૈસા સબ કુછ તો નહી, પર બહોત કુછ તો હૈ...!!

### Hello ફ્રેન્ડસ

સંજય થોરાત



તુવેર દાળ ૨૦૦ રૂપિયે કિલો, ફટાકડાં ૫૦૦ રૂપિયાનં પૅકેટે, મઠિયા-ચોરાફળી ગયાં વર્ષ કરતાં બમણાં ભાવે, ચાઈનીઝ સિરીઝ માટે માટીના કોડિયાનું ઘટેલું વેચાણ... આકાશ માર્કેટમાં ફરતો હતો, દિવાળીની સાજ સજાવટ જોઈ હરખાતો હતો અને ભાવના પાટીયા જોઈ અકળાતો હતો.... ખિસ્સામાં હાથ નાખ્યો, બંને ખિસ્સા ખાલી, પાકીટ રાખવાનો સવાલ જ નહોતો, પૈસા જોઈને મુકવા માટે?? અઠવાડિયા પછી દિવાળી છે, નાની-મોટી ખરીદી તો છોડો પહેલાં કપાયેલી લાઈટ ચાલુ કરવા બીલ ભરવાનું જરુરી છે... પહેલી બેન્ચ પરનો પ્રથમ નંબર લાવરો પ્રકાશ, આકાશ સામે મીટ માંડી જોઈ રહ્યો હતો.

...અને એને મુંબઈનો મિત્ર સમૃદ્ધ યાદ આવ્યો, આ મિત્ર એટલે એનું એટીએમ કાર્ડ... ફોન લગાડ્યો, 'દોસ્ત, આવું છું દિવાળી આવે છે અને તારા વગર તો આ ઘરે અજવાળું કયાંથી થશે?' દસ રૂપિયે કિલો મળતાં ભટ્ટાં ઘરે પહોંચાડી આકાશે કાલુપરથી મુંબઈ જવા માટે ભાડાનાં જોઈતા રૂપિયા ગેરેજવાળા પાસેથી ઉધાર લઈ લીધા...

> **સંસાર ચલાવવા રૂપિયાની ખપત છે, અન્ન, વસ્ત્ર, નિવાસ મોટેની જરૂરત છે**
> **મોટા સ્વપ્ન જોવાં, ક્યાં મોટી મમત છે, ઉધારીની જીંદગી માટેની ખોટી મમત છે**

સમૃદ્ધ એને સ્ફૂલી મેટ, એના ઘરે જતાં એ અત્યંત અસ્વસ્થ હતો પણ જીવનમાં કંઈક કરવાની તમન્ના એને એક એનર્જી આપતી હતી. જીવનમાં જો આ ટ્રેનની ઝડપે જ જો બધું બનતું હોય તો? એવો ઝાટકો આવ્યો અને બોરીવલીનું બોર્ડ દેખાતાં આકાશ માયાવી નગરીના એના જાદુગર મિત્ર પાસે પહોંચી ગયો...

સ્ટેશન બહાર મિત્ર હાજર જ હતો, દિલથી બંને ભેટ્યા, ઘરે પહોંચ્યો ત્યાં એની ભાભી અને નાની દીકરીએ ઉમળકાભેર સ્વાગત કર્યું. દીકરી માટે ચૉકલેટ કે ભાભી માટે એકાદ ફુલોનો ગજરો કશું જ લાવી ન શકવાના રંજને દૂર કરતાં સમૃદ્ધ બોલી ઊઠ્યો, 'અરે ઉતાવળમાં નીકળ્યો હોય એટલે ટાઈમ કયાંથ મળે?' આગ્રહ કરી કરીને એને જમાડ્યો અને રાત રોકાવાના વાયદા સાથે બંને મિત્રો દરિયા કિનારે ટહેલવા નીકળી પડ્યાં...

શાળાની વાતો શરુ થઈ... આકાશ તું પહેલી બેન્ચ પર અને હું છેલ્લી બેન્ચે બેસતો, તમે પહેલી બેન્ચવાળા અમને 'ઢ' સમજતા... નાનપણથી વાતોનો મોટા થયાનો વાતો સાથે સંબંધ જોડાતો જતો હતો. અને આકાશ અચાનક જ બોલ્યો, 'પણ આજે લાઈફની સ્પર્ધાની પ્રથમ બેન્ચ પર તું જ છે...' સમૃદ્ધ એની પીઠ થપથપાવતો હતો... એ પછી બંને જણાં એકદમ શાંત હતાં અને સમુદ્રનાં મોજાંનો અવાજ આવતો રહ્યો...

'તું શેના માટે આવ્યો છે, મને ખબર છે. એટલે તું ચિંતા કરતો નહીં, તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે, પણ અત્યારે તું શું કરે છે?' સમૃદ્ધે એની દુઃખતી નસ પર પગ મુક્યો.

'તારા અત્યાર સુધી લીધેલાં બધાં રૂપિયા હું તને પાછા આપીશ. પણ મારે જિંદગીમાં હજુ ઘણું કરવાનું છે. કંઈક અલગ કરવાનું છે. તને તો ખબર જ છે ને મને સ્કૂલ-કૉલેજમાં નાટકનો ગાંડો શોખ હતો. મને કેટલાં ઈનાો મળેલાં છે. હું એક્ટિંગમાં મોટું નામ કમાવી સેલિબ્રેટી બનવા માંગુ છુ. અત્યારે મારી સ્ટ્રગલ ચાલે છે.' આકાશ સળંગ એની વાત કરી ગયો...

'અરે દોસ્ત, તું ખૂબ હોંશિયાર છે. તારી એક્ટિંગ પણ સરસ છે. પણ સ્ટ્રગલ, સ્ટ્રગલ અને સ્ટ્રગલ, કેટલી સ્ટ્રગલ? એટલે હું તારું મોરલ તોડવા નથી માગતો પણ કંઈક વિચાર હવે... આપણે બંને ઉંમરમાં સરખાં છીએ. હું સેટલ થયો, લગ્ન થયા, દીકરી પણ પહેલાં ધોરણમાં આવી ગઈ... ફક્ત તારી જિંદગી આગળ ખસતી નથી, મને એનું દુઃખ છે, દોસ્ત.'

આકાશ થોડો ઉદાસ થયો, 'પ્લીઝ, મારી સરખામણી તારી સાથે ના કરીશ. પૈસા કમાવવાં એ તારૂં ટાર્ગેટ છે. મારું એવું નથી, મારે પહેલા જીવવું છે. એક્ટિંગ મારી પેશન છે. અને હું એજ કરવાનો છું. જો જે ને એક દિવસ...'



એને વચ્ચે રોકતાં જ મિત્ર બોલ્યો, 'એ બધું જ સાચું, પણ તું ત્યાં સુધી કયાંક નાની-મોટી નોકરી તો કર, તારાં પુરતાં પૈસા તો કમાવ. હુ તો છું જ તને મદદ કરવાં, મેં તને કયારેય ના પાડી? પણ એક્ટિંગની બહાર નીકળી આ દુનિયામાં શ્વાસોશ્વાસ લેવા માટેય પૈસા જોઈ છે.'

... હવે જો અત્યારે પણ તું કોક પાસેથી ઉધાર લઈ ભાડું ખર્ચીને અહીં આવ્યો, મારી પાસેથી પૈસા લઈને તું એને પાછા આપીશ અને દિવાળી પણ કરીશ... પછી ફરી સ્ટ્રકલ શરુ, આ સ્ટ્રગલ રોકાશે? રૂપિયા તો જોતજોતામાં વરાળ બની જશે, તું હતો ત્યાં નો ત્યાં જ રહીશ. હું તો મિત્રના નાતે સલાહ આપીશ, માનવી ન માનવી તારો વિષય છે.' સમુદ્રના મોજાંનો અવાજ વધ્યો હતો તોય આકાશ મિત્રની સલાહ સાંભળવા કાન દઈને સરવો થયો...

'જો, પેશન, સ્ટ્રગલ, સ્વપ્ન આવું બધું બોલવા, કેટલાંક વર્ષો સુધી કરવી પણ સારું લાગેછે. પણ રિઅલ લાઈફમાં તો પૈસાની જરૂર પડે છે. તારી ઉંમર હવે ૩૨ની થઈ, સારી નોકરી કે ધંધો નથી એટલે રૂપિયા નથી. અને રૂપિયા નથી એટલે લાઈફમાં છોકરી નથી. અને તારી લાઈફ સ્ટૉપ થઈ ગઈ છે. મહિનો ઘર ચલાવવા, મા-બાપને ખવડાવવાં, વ્યવહાર સાચવવાંય રૂપિયાની ચિંતા કરવાની કે નહીં? દોસ્ત, બધું સમયસર થવું જોઈએ. અને એના માટે પૈસા જોઈએ. કહે છે કે દોસ્ત પૈસા સિવાય જિંદગીમાં મજા નથી.'

સમૃદ્ધ એની વાત કરીને અટકી ગયો. હવે સમુદ્રની અંદર સમાઈ ગયેલા સૂર્યને શોધવા મથતાં આકાશ જેવી જ સ્થિતિ આકાશની હતી. સમુદ્રના મોજાંનો જેટલો અવાજ આવતો હતો. એથીય વધુ વિચારોનાં મોજાં એના મનમાં ઊછળી રહ્યા હતા...

વાત તો મિત્રની સાચી જ હતી. લાઈફમાં પેશન જોઈએ,મોટાં સ્વપ્નાં અને એને સાકાર કરવાની ખુમારી બધું જ હોય તોય રોટી-કપડાં-મકાન માટે મનોજકુમારની જેમ મથવું જ પડતું હોય છે... પત્ની હોય કે પરિવાર એમને તે પહેલીના પગારમાં અને દિવાળીમાં મળતાં બૉનસમાં રસ છે, એમને કયાં આ પેશનની પડી હોય છે... પેશનની ટશનમાં પૈસો બાજી મારી જાય છે અને નાટકનો મુખ્ય કલાકાર બનવાની ત્રેવડ ધરાવતો આર્ટિસ્ટ ઘર ચલાવવાં સાઈડ આર્ટિસ્ટનો રોલ પણ સ્વિકારી લે છે... આકાશનું મનોમંથન ચાલતું હતું.

થોડીવારે બંને મિત્રો ઘરે પાછા ફર્યા. નક્કી કર્યા મુજબ મિત્રએ ૨૦ હજાર રૂપિયા એને પ્રેમથી ઉધાર આપી દીધા, છેલ્લાં દસ વર્ષથી ચાલતાં ઉધારીના આ સિલસિલામાં ઉઘરાણી કયાંક નહોતી તોય એક એન્ટ્રી વધુ પડી ગઈ...

સવારના ગુજરાત મેલમાં ચઢતાં અને જેની સમૃદ્ધિને કારણે પોતાના ઘરમાં દિવાળી ઝળહળવાની છે એવાં મિત્રને બાય-બાય કરતાં આકાશનાં મનમાં એક વાત ઘુમરાતી હતી, 'મદદ કરે છે એટલે સાંભળવું પડે છે,' 'છેલ્લે પૈસો જ બોલે છે ને? કારણ પૈસ સિવાય જિંદગી જ નથી.' અને આ વિચારને દૂર કરી એ એના નાટક 'સૂર્યોદય' ની કલ્પનામાં બારી બહાર દેખાતા સૂર્યને તાકી રહ્યો!

**ચૂંટલો :** પૈસા જિંદગીમાં સર્વસ્વ નથી પણ પૈસા વિના જિંદગી પણ નથી એ વાસ્તવિકતા સ્વીકારવી જ રહી. ઊંચામાં ઊંચા ડ્રીમને સાકાર કરવા પણ ઓછે વત્તે અંશે રૂપિયાની જરુર પડે છે, અને એ માટે કોઈ આગળ હાથ લંબાવવા કરતાં જાતે વ્યવસ્થા કરવી કયારેય સારી કારણે વગર પૈસે પેશન પર પુરી થતી નથી.